**ક્રમાંક–૧૩**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**બીજું સત્ર**
**સોમવાર, તા. ૧૩મી માર્ચ, ૨૦૨૩**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

સોમવાર, તા.૧૩મી માર્ચ ૨૦૨૩ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ અને ૧૦ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૧થી ૧૨૧ને અતારાંકિત ગણવામાં આવ્યા. પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

૨. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

તા. ૨૭–૨–૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્ય શ્રીમતી દર્શનાબેન વાઘેલાના અમદાવાદ શહેરમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ જનસંખ્યા વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૭૫ (અગ્રતા–૮)ના અનુસંધાને વધારાની માહિતી

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયા**

૩. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)**

મંત્રી પરિષદને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩૦ સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ આ તબક્કે સભાગૃહમાં હાજર ન હોવાથી માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ રજૂ કરી. ચૂંટણીને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩૧, સામાન્ય વહીવટ વિભાગની સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩૩ સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે રજૂ કરી. નર્મદા વિકાસ યોજનાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬૫ નર્મદા અને કલ્પસર પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે રજૂ કરી. શહેરી આવાસનને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦૧, શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૦૨ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૩૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૧, ૨, ૩, ૪ અને ૫, માગણી ક્રમાંક–૩૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૬ અને ૮, માગણી ક્રમાંક–૩૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૯, ૧૦ અને ૧૧, માગણી ક્રમાંક–૬૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૭, ૧૮, ૧૯ અને ૨૦, માગણી ક્રમાંક–૧૦૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧, ૨૨ અને ૨૩, માગણી ક્રમાંક–૧૦૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧ અને ૩૨ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી જિગ્નેશ મેવાણી
(૨) શ્રી રમણલાલ વોરા
(૩) શ્રી અમિત શાહ
(૪) શ્રી કેયુરભાઇ રોકડિયા
(૫) ડો. દર્શિતાબેન શાહ
(૬) શ્રી કિરીટકુમાર કે. પટેલ
(૭) શ્રી વિમલભાઇ ચુડાસમા
(૮) શ્રી યોગેશભાઇ આર.પટેલ
(૯) શ્રી કનુભાઇ પટેલ
(૧૦) શ્રી અરવિંદભાઇ રાણા

**વિરામ બપોરના ૨–૩૦થી ૩–૦૦**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧૧) શ્રીમતી દર્શનાબેન વાઘેલા | (૧૩) શ્રી જિતેન્દ્રભાઇ પટેલ |
| (૧૨) શ્રી ભગવાનજીભાઇ કરગટિયા | (૧૪) શ્રી ઉમેશભાઇ મકવાણા |

૪. **માનનીય અધ્યક્ષશ્રીની ટકોર**

**સભ્યશ્રીને પુરાવા આપવા અંગે**

માગણી પર ચર્ચા દરમિયાન આમ આદમી પાર્ટીના સભ્યશ્રી ઉમેશભાઇ મકવાણાએ ઉચ્ચારેલા શબ્દો અંગે રાજય કક્ષાના સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ વાંધો લઇ આ અંગેના પુરાવા માગતા, માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીને આ અંગેના પુરાવા હોય તો તાત્કાલિક મંત્રીશ્રીને આપવા જણાવ્યું તેમજ સભાગૃહમાં વિધાનસભાના નિયમો પ્રમાણે અખબારના કટિંગ કે બહાર ચાલતી ચર્ચાના આધારે ચર્ચા કરી શકાતી નથી, પણ તેના આધાર પુરાવા સાથે ચર્ચા કરી શકાય છે તેમ જણાવ્યું.

૫. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

| | |
|---|---|
| (૧૫) શ્રી જયંતિભાઇ પટેલ | (૧૯) શ્રી કાંતિલાલ અમૃતિયા |
| (૧૬) શ્રી કૌશિકભાઇ જૈન | (૨૦) શ્રી દિનેશસિંહ કુશવાહ |
| (૧૭) શ્રી ચિરાગકુમાર પટેલ | (૨૧) શ્રી રમણભાઇ સોલંકી (ના. મુ.દંડકશ્રી ) |
| (૧૮) શ્રી બાબુસિંહ જાદવ | |

ત્યારબાદ ચર્ચાનો જવાબ સામાન્ય વહીવટ વિભાગ તથા નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય પ્રભારી મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે આપ્યો. ( પ્રવચન અધૂરું)

૬. **સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીનો માગણીઓ પર ચર્ચાનો જવાબ પૂરો થાય અને તેના ઉપર મતદાન થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતા, તેને કોંગ્રેસ પક્ષના દંડક ડો. સી.જે.ચાવડાએ સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( સાંજના ૪-૫૫)

૭. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે તેમની માગણીઓ ઉપરની ચર્ચાનો જવાબ પૂર્ણ કર્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક- ૬૫ ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક-૧૭, ૧૮, ૧૯ અને ૨૦ સભાગૃહની અનુમતિથી પરત ખેંચી લેવામાં આવી.

ત્યારબાદ માગણી ક્રમાંક- ૬૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૯, ૧૦, ૧૧, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧ અને ૩૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક- ૩૦, ૩૧, ૩૩, ૧૦૧ અને ૧૦૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, મંગળવાર તા ૧૪મી, માર્ચ ૨૦૨૩ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે સાંજના ૫-૦૭ વાગ્યે મુલતવી રહ્યું.**

| | |
|---|---|
| ગુજરાત વિધાનસભા સચિવાલય, | ડી.એમ.પટેલ |
| ગાંધીનગર. | સચિવ, |
| તા. ૧૩મી માર્ચ, ૨૦૨૩ | ગુજરાત વિધાનસભા. |